# રમતગમત મનોવિજ્ઞાની

રમતગમત મનોવિજ્ઞાની/સ્પોર્ટ્સ સાયકોલોજિસ્ટ એક એવા વ્યાવસાયિક છે જે ખેલાડીઓને તેમની સુખાકારી અને રમતના પ્રદર્શનમાં સુધાર કરવામાં મદદ કરે છે. તેઓ ઈજામાંથી ઝડપથી સાજા થવામાં તેમજ ફરી રમત સાથે જોડાવામાં, ટીમ નિર્માણ, સતત રમત થકી ખેલાડીઓના થાક અને ઉત્તેજનાઓને ઘટાડવામાં અથવા કારકિર્દીમાં જરૂરી પરિવર્તન કરવામાં પણ મદદરૂપ બને છે. રમતગમતના મનોવૈજ્ઞાનિકો એથ્લેટ્સ તેમજ કોચ, માતા-પિતા, સંચાલકો, ફિટનેસ વ્યાવસાયિકો, કલાકારો અને સંસ્થાઓ સાથે કામ કરે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમને રમતગમત અને મનોવિજ્ઞાનમાં ઊંડી રૂચિ ધરાવો છે
- તમે ઉત્તમ આંતરવૈયક્તિક કૌશલ્ય તેમજ સંચાર કૌશલ્ય ધરાવો છો
- તમે વિશ્વાસ કેળવવામાં અને ગોપનીયતા જાળવવામાં માહિર છો
- તમે બીજાની સેવા કરવા અને મદદ કરવા તૈયાર છો



આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૨૦,૦૦૦ થી ૧,૬૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. મનોવિજ્ઞાન (સાયકોલોજી)માં સ્નાતક (બી.એ. / બી.એસ.સી.)ની ડિગ્રી પૂર્ણ કરો અને ત્યારબાદ સ્પોર્ટ્સ સાયકોલોજીમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો.

**અથવા**

સ્પોર્ટ્સ સાયકોલોજીમાં પી.એચ.ડી. પૂર્ણ કરો અને પછી એસોસિએશન ફોર એપ્લાઈડ સ્પોર્ટ સાયકોલોજી (એ.એ.એસ.પી.)ના સભ્ય બનો જેથી કરીને ભારત તેમજ અન્યત્ર કામગીરી શરૂ કરી શકાય.

(એ.એ.એસ.પી. એક આંતરરાષ્ટ્રીય બહુઆયામી સંસ્થા છે જે લાયકાત ધરાવતા વ્યાવસાયિકો માટે પ્રમાણપત્ર પ્રદાન કરે છે. આ પ્રમાણપત્ર વ્યાપકપણે સ્વીકૃત છે અને સ્પોર્ટ્સ સાયકોલોજિસ્ટની કારકિર્દી વધારવામાં મદદરૂપ બને છે.)

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

* અહી આપેલ આંકડા એન.સી.એસ.માંથી લેવામાં આવ્યા છે અને તે ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

રમતગમત મનોવિજ્ઞાનીનું અંદાજીત માસિક વેતન રૂ. ૮૧,૦૦૦ થી ૧,૪૦,૦૦૦* જેટલું હોય છે. આ રકમ દરેક રમત મુજબ બદલાતી રહે છે.

સ્રોત: https://www.salaryexpert.com/salary/job/sport-psychologist/india

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સ્પોર્ટિંગ ક્લબો, શાળાઓ અને કોલેજો, મનોવિજ્ઞાન ક્લિનિક્સ અને કેન્દ્રો, વિવિધ કલા સાથે સંકળાયેલી પ્રખ્યાત હસ્તીઓ, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા વગેરે.

**કાર્યસ્થળનું વાતાવરણ :** તમે તમારો મોટાભાગનો સમય ઓફિસ અને હોસ્પિટલના વાતાવરણમાં કામ કરવામાં વિતાવશો, પરંતુ તમારો કેટલોક સમય તમે જે એથ્લેટ્સના સલાહકાર છે તેની સાથે પણ પસાર થશે. સંસ્થા મુજબ કામના કલાકો લવચીક રહી શકે છે.

*આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

સ્પોર્ટ્સ સાયકોલોજિસ્ટ → પર્સનલ ટ્રેનર → પરફોર્મન્સ સાયકોલોજિસ્ટ

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

સ્પોર્ટ્સ સાયકોલોજિસ્ટ, સ્પોર્ટ્સ કાઉન્સેલર, કાઉન્સેલિંગ ફોર સ્પોર્ટ્સ પર્સન

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ મનોવિજ્ઞાન વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ યુનિવર્સિટી, ગાંધીનગર
૨. રાજસ્થાન સેન્ટ્રલ યુનિવર્સિટી, અજમેર, રાજસ્થાન
૩. તમિલનાડુ ફિઝીકલ એજ્યુકેશન એન્ડ સ્પોર્ટ્સ યુનિવર્સિટી, ચેન્નાઈ, તમિલનાડુ
૪. નેશનલ સ્પોર્ટ્સ યુનિવર્સિટી, કૌત્રુક, મણિપુર
૫. લક્ષ્મીબાઈ નેશનલ ફિઝીકલ એજ્યુકેશન ઈન્સ્ટિટ્યુટ, ગ્વાલિયર, મધ્યપ્રદેશ
૬. યુનિવર્સિટી ઓફ દિલ્હી નોર્થ કેમ્પસ
૭. એમ.એસ. યુનિવર્સિટી, વડોદરા
૮. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા કૃપા કરીને તપાસ કરો કે શું સંસ્થા યુજીસી સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે.)

૧. પારૂલ યુનિવર્સિટી, વડોદરા
૨. ઈન્સ્ટિટ્યુટ ઓફ સ્પોર્ટ્સ સાયન્સ એન્ડ ટેકનોલોજી, પુણે, મહારાષ્ટ્ર
૩. સેન્ટ ફ્રાન્સિસ કોલેજ ફોર વુમન, હૈદરાબાદ
૪. એમિટી યુનિવર્સિટી (બહુવિધ રાજ્યો)
૫. ડૉ. સુભાષ યુનિવર્સિટી, જુનાગઢ
૬. સિસ્ટર નિવેદિતા યુનિવર્સિટી, કોલકાતા
૭. એન.આઈ.એમ.એસ. યુનિવર્સિટી, ઈન્દોર
૮. આસામ ડાઉનટાઉન યુનિવર્સિટી, ગૌહાટી

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

• ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
• ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**ડૉ. મૃણાલ ચક્રવર્તી** કોલકાતાના સોલ્ટ લેકમાં જોઈન્ટ અને બોન કેર હોસ્પિટલમાં કાર્યરત રમત મનોવિજ્ઞાની છે. તેઓ હિપ્નોથેરાપી, ટાઈમલાઈન થેરાપી અને ક્રિએટિવ વિઝ્યુલાઈઝેશનમાં નિષ્ણાત છે. તે જુનિયર ઈન્ડિયા હોકી વર્લ્ડ કપ ચેમ્પિયન, ૨૦૧૬ અને ઈન્ડિયન તીરંદાજી વર્લ્ડ કપ, બર્લિન ૨૦૧૭ જેવી મોટી રમતગમત સ્પર્ધાઓ સાથે સંકળાયેલા છે અને ઘણા ઓલિમ્પિયન અને પેરાલિમ્પિયનના અંગત કોચ છે. ડૉ. ચક્રવર્તી એન.એલ.પી. (ન્યુરો-લિંગ્વિસ્ટિક પ્રોગ્રામિંગ)નો ઉપયોગ કરે છે યુવા રમતવીરો અને અન્ય લોકોને માનસિક રીતે વધુ સશક્ત બનાવવાની તાલીમ આપે છે.*

સ્રોત : https://www.curetap.in/Kolkata/doctor/dr-mrinal-chakraborty/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.